॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૮ ● કારતક સુદ-૨ ● તા. ૦૬-૧૧-૨૦૨૧ ● શનિવાર SDP NO: 566 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

ગ્રેટ બ્રિટન બન્યું ભારતીય નૂતન વર્ષ ના અભિનદન સર્વત્ર..

બ્રિટન ના પ્રેસિડેન્ટ ભારતીય સંસ્કૃતિમાં ને અનુરૂપ આ દીપોત્સવી નિમિતે એમની પત્ની સાથે મંદિરમાં દર્શન કરવા જાય છે અને પરંપરાગત પાણી દૂધ નો અભિષેક પણ કરે છે..

સાથે એ પણ જુઓ પરંપરાગત તેણીએ ભારતીય નારી નું સુંદર પરિધાન સાડી પણ પહેરી છે..

સ્વામિનારાયણ મન્દિર માં ગયેલા બને ની તસ્વીર અને માહીતી બ્રિટન માં આપણા સંયોજક સનાતન પત્રિકા ને દિનેશ દિવાણી દ્વારા પોસ્ટ કરવામાં આવી છે...

Well respectively served by Mr. & Mrs. Prime Minister of UK at Swaminarayan temple in London on Diwali. [Midia cell - SDP] Dinesh Divani, London (Sukhpar - Roha)

અમલાઈ કમ્પામાં સ્નેહમિલન

◆ શ્રી લક્ષ્મીનારાયણ મંદિર અમલાઈ કંપા મુકામે નવાવર્ષ ના દિવસે સ્નેહમિલન યોજાયું.

◆ આ સ્નેહમિલન ની શરૂઆત પ્રાર્થના થી કરવામાં આવી હતી.

◆ સ્નેહમિલન પુર્ણ થયા પછી શ્રી લક્ષ્મનારાયણ ભગવાનની મહા આરતી કરી અને વડીલો ના આશીર્વાદ લીધા.

◆ આ સ્નેહમિલન માં સૌ નાના ભૂલકાઓથી લઈને મોટા સૌ ગ્રામજનો હાજર રહ્યા હતા અને એકબીજા ને નવાવર્ષ ની શુભકામના પાઠવી હતી.

નવું વર્ષ, નવા વિચાર અને નવા સંકલ્પની સાથે આપને અને આપના પરિવારની જીવનયાત્રામાં સુખ, સમૃદ્ધિ, શાંતિ અને સ્વાસ્થ્ય પ્રદાન કરનારું બની રહે એવી મંગલમય અમલાઈ...

કંપા ગ્રામજનો વતી સૌ સમાજજનો ને શુભકામનાઓ

શ્રી અ. ભા. ક. ક. પા. યુવાસંઘ

સાબર રિજીયન

ટીમ મોડાસા ડિવિઝન

PRO

પોકાર તુલસીભાઈ

નુતનવર્ષ નિમિતે યુવા સુરક્ષા કવચનું રક્ષણ તોરણ અવસ્ય બાંધજો...

YSK YSK YSK - : સૌરભ અમૃતભાઈ રામાણી : - YSK YSK YSK

યુવાસંઘ 2021 - 2023 ની ટીમ.

CEO, યુવા સુરક્ષા કવચ..

FID: 2877 YID: 487

સૌરભ અમૃતભાઈ રામાણી

રાજપુરકંપા - ગાંધીનગર

YSK YSK YSK

યુવા સુરક્ષા કવચ એ યુવાસંઘનુ એક એવુ પીછું છે. જે સમાજના દરેક પરિવારને એક તાંતણે બાંધે પણ છે ને સુરક્ષીત પણ કરે છે.

માટે સૌએ પોતાના પરિવારની સાથે સાથે આ યોજનામા સમાજના પરિવારોને જોડી સમાજ રક્ષક બનવુ જોઈએ.

સૌરભ જીવન - યુવાસંઘ ક્ષેત્રે:

CEO: યુવા સુરક્ષા કવચ 2021

CPDO: યુવા સુરક્ષા કવચ 2018

CPDO: વેબકૉમ 2016

REGION CHAIRMAN: સાબર રીજીયન

GENERAL SECRETARY: ઉત્તર ગુજરાત રીજીયન

વિદ્યાર્થી સંઘ ક્ષેત્રે:

પ્રવાસમંત્રી: શ્રી ક.ક.પા વિદ્યાર્થી મંડળ, વલ્લભ

મંત્રી: શ્રી ક ક પા વિદ્યાર્થી મંડળ, વલ્લભ વિદ્યાનગર

સૌરભ રામાણી હું.. હું છું યુવા સુરક્ષા કવચ..

અપીલ કરું છું હર એક ઘર ઘર ની નારી શક્તિ ને આપ આ નુતનવર્ષ નિમિતે યુવા સુરક્ષા કવચ નું રક્ષણ તોરણ અવસ્ય બાંધજો...

આપના પરિવાર અને સ્નેહીઓને નવીન વર્ષના નૂતન વર્ષાભિનંદન..

સેન્ટ્રલ પ્રવક્તા

૨૦૨૧-૨૩ યુવાસંઘ

મુકેશભાઈ કાલરીયા, પાટણ

કર્મઠ જીવન સ્પન્દન

૨૦૦૮ - ૨૦૧૦

ઉત્તર ગુજરાત રિજિયન ડીવિજન ચેરમેન.

૨૦૧૦-૨૦૧૨

કાઉન્સિલ સ્પોર્ટ્સ પી.ડી.ઓ.

૨૦૧૨ - ૨૦૧૪

નર્મદા કાઉન્સિલ સેક્રેટરી.

૨૦૧૬ - ૨૦૧૮

ગ્રીનલેન્ડ કાઉન્સિલ પ્રેસિડેન્ટ

૨૦૧૮ - ૨૦૨૧

ઓસન કાઉન્સિલ પ્રેસિડેન્ટ

૨૦૨૧ - ૨૦૨૩

યુવાસંઘ સેન્ટ્રલ પ્રવક્તા

આપના પરિવાર અને સ્નેહીઓને નવીન વર્ષના

નૂતન વર્ષાભિનંદન..

નવું વર્ષ, નવિન સ્વર્ણીમ ટીમ, નવિન જવાબદારીઓ, આપ સૌ નો સાથ અને સહકાર તેમજ વારસા માં મળેલ ચૈતન્ય, સ્ફૂર્તિ, ઉત્સાહ વધારનાર અને જ્ઞાન, શીલ, એકતાના અજવાળા પાથરનાર આપ સૌ જ્ઞાતીજનો નીવડે તેવી પ્રભુ પ્રાર્થના...

આપણી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ,યુવાસંગ,મહીલાસંગ દ્વારા થતી વિવિધ સમાજલક્સી કાર્યો ને સુ-વ્યવસ્થિત, પ્રોટોકોલ યુક્ત સમાજજનો સુધી પ્રસ્થાપિત કરી એક નવિન ઉંચાઇ પર લઇ જવા આપ સૌના સાથ અને સહકાર થકી Together we canના નારાને સૌ સાર્થક કરીએપ સૌ સાથે મળી યુવાસંઘ ના સ્વર્ણીમ વર્ષ ને ઉજવીએ તેમજ નવા ૨૦૨૦-૨૦૩૦ નવા મિશન સાથે મળી ને સક્સેસ કરવા ની શરુઆત કરીએપ.

આપના સૌ નો પ્યારો પ્રવક્તા,

૨૧-૨૩ ટીમ યુવાસંઘ

મુકેશ કાલરીયા, પાટણ.

સ્નેહમીલન : કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ-કઠલાલ

કઠલાલ સમાજ અગ્રીમ વ્યક્તિઓ.

કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ - કઠલાલ દ્વારા તા ૫/૧૧/૨૧ના સ્નેહમીલન યોજવા માં આવ્યું હતું. જેમાં યુવક મંડળના મહામંત્રી પરેશભાઈ જે. સાંખલા સ્નેહમિલન કાર્યક્રમનું સંચાલન કરેલ હતું. સમાજના પ્રમુખ શ્રી પરસોત્તમભાઈ પોકારે દરેક સમાજ જનોને નવાવર્ષ શુભેચ્છાઓ પાઠવી હતી ત્યાર બાદ ઉમાભવના રખરખાવ રાખનાર ચંદુબાપા સમાજ જનો ના દરેક અવસર પોતાના અવસર ગણી સારી વ્યવસ્થા કરવા તથા કર્મનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવા બદલ સન્માનીત કરવાં આવ્યા હતા.

સર્વે સમાજ જનોએ ખુલામંચ દ્વારા એકબીજા શુભેચ્છા સંદેશ પાઠવેલ હતા તથા અન્ય સમાજ ઉપયોગી સૂચન કરેલ હતા, તથા મદય ગુજરાત ઝોન ખેડા જિલ્લા સમાજના પ્રમુખ નથુભાઈ પોકારે પણ શુભેચ્છા સંદેશ પાઠવેલ તેમજ સંતરામ વિભાગ દ્વારા આયોજિત દેવદર્શન સ્નેહમિલન કાર્યક્રમની વિસ્તૃત માહિતી અને સામાજિક આમંત્રણ સંતરામ વિભાગ પ્રભારી જીતુભાઇ પોકરે પાઠવેલ. સમાજના મહામંત્રીશ્રી ખેતાભાઈ રવાણી એ આવનાર સમયમાં સમાજ તથા યુવક મંડળ દ્વારા દરેક સમાજ જનો માટે સારા તથા આનંદમય કાર્યક્રમ લાવવા સમાજ સમક્ષ રજૂઆત કરેલ હતી. સમાજના ઉપપ્રમુખ શ્રી માવજીભાઈ વાસાણીએ સમાજ જનોને નવાવર્ષની શુભકામનાઓ પાઠવી. સમાજના પૂર્વ જશોદા નાકરાણી એ કોરોના કાળમાં વિતાવેલા સમયને ફરિયાદ ન કરવો પડે તથા નવા વર્ષમાં ફરવા જતા સમાજ જનો સાવચેતી રાખવાની વિનંતી કરેલ હતી. યુવક મંડળના પ્રમુખ શ્રી પરેશભાઈ એચ. સાંખલા નવાવર્ષ માં સમાજ ઉપયોગી કાર્યક્રમો કરવાની માહિતી આપી હતી તથા યુવતી તરફથી આવેલ સૂચનો થી સમાજ જનો ને અવગત કરેલ હતા સમાજના પ્રમુખ શ્રી પરસોત્તમભાઈ પોકારે દરેક સમાજ જનોને આવેલ સૂચનો નો યોગ્ય જવાબ આપ્યો હતા. સમાજના સહમંત્રી દામોદરભાઈ ભાવાણી એ નવાવર્ષ ની શુભેચ્છા પાઠવી હતી ત્યારે બાદ આભાર વિધિ કરી હતી.

સ્નેહમિલન કાર્યક્રમમાં ખૂબ બાહોળી સંખ્યામાં સમાજ જનો ઉપસ્થિતિ રહયા હતા કાર્યક્રમ ના અંત માં રાષ્ટ્રગાન ગાઈ ત્યાર બાદ ભોજન લઈ દરેક સમાજ જનો નવાવર્ષ ની શુભકામનાઓ પાઠવ્યા બાદ સર્વે છુટા પડ્યા હતા.

સંયોજક :

પરસોતમ નાથાણી, કપડવંજ.

શ્રી વડવા (કાંયા) પાટીદાર સમાજ સ્નેહમિલન

નુતન વર્ષ ૨૦૭૮ના ભગવાન લક્ષ્મીનારાયણ મંદિર વડવા નવાવાસમાં ભગવાનને ૫૬ ભોગ પ્રસાદ ધરાવી સૌએ દર્શનનો લાભ લીધો ત્યારબાદ સંગીતમય મહાઆરતી કર્યા બાદ સર્વે ગામજનો એ રાસ ગરબા રમીને નુતનવર્ષ નો આનંદ માણ્યો, ત્યાર બાદ દેશ ભક્તિના ગીતો સાથે આજનો બેસતા વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ પુર્ણ કરેલ..

નારણપર(રોહા) પાટીદાર સમાજ સ્નેહમિલન, કચ્છ.

રામપર રોહા પાટીદાર સમાજ સ્નેહમિલન કચ્છ.

કચ્છ ના વાવડ

◆ ગુજરાતમાં માવઠાની આગાહી રાજ્યમાંથી ૧૦ નવેમ્બર સુધી માવઠાની આગાહી...

◆ અરબી સમુદ્રમાં સક્રીય થયેલાં લો-પ્રેશરની અસર સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને કચ્છના દરિયાકાંઠા વિસ્તારોમાં માવઠાની શકયતા...

◆ લો - પ્રેશરની અસરથી આગામી બે દિવસોમાં વાતાવરણમાં પલટો...

◆ અમદાવાદમાં વાદળિયું વાતાવરણ સર્જાવાની શક્યતા...

કોલ્હાપુર સમાજ સનાતની રાહપર નવા વર્ષે નૂતન પરિણામ

શ્રી કોલ્હાપુર પાટીદાર સમાજ દ્વારા વર્ષોથી ચાલતી આવતી પરંપરા મુજબ દિવાળી પડવા સ્નેહમિલન આયોજન શુક્રવાર તા .૦૫/ ૧૧/ ૨૦૨૧ના રોજ સવારના ૧૦ કલાકે પાટીદાર ભવન કોલ્હાપુર મુકામે કરવામાં આવેલ..

સર્વ પ્રથમ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ કુળદેવી મા ઉમિયાજીની આરાધના કરી આનંદીત વાતાવરણ મા શરૂઆત કરવામાં આવી...

સવંત ૨૦૭૮ના પ્રથમ દિવસે શ્રી કોલ્હાપુર પાટીદાર સમાજની વધુ એક વિશેષ સફળતા સાથે સોનેરી દિવસ...

રામજીભાઈ વી. ભાદાણી તેમના મોટા ભાઇના ત્રણ દિકરાના પરિવારોએ પ્રેરણાપીઠ પિરાણા સતપંથ ધર્મનો સદંતર ત્યાગ કરી સનાતન વિચારધારા નો ઉત્સાહ પૂર્વક અંગીકાર કર્યો જેની સમાજને લેખીતમા બાહેધરી પણ આપેલ છે...

ત્રણે ભાઈઓના ઉમદા વિચારોને અનુલક્ષી પ્રમુખ શ્રી ગોપાલભાઈ ના હસ્તે સાલથી સત્કાર કરવામા આવ્યો અને ભગવાન લક્ષ્મીનારાયણ તથા કુળદેવી ઉમિયા માતાજીની પ્રતીમા(ફોટા) આપી જયઘોષ સાથે તાળીના ગડગડાટથી ત્રણે ભાઇના પરિવારોને આવકારવામા આવ્યા...

પ્રમુખ શ્રી ગોપાલભાઈ એ પોતાની આગવી શૈલીમાં યોગ્ય સમયે કરેલ પરિવર્તન બદલ ત્રણે પરિવારોને ધન્યવાદ આપ્યા અને સમાજ સાથે વફાદાર રહેવા ભલામણ કરવામાં આવી...

છેલ્લે આભાર વિધી માનંદમત્રી ડાહ્યાભાઇએ કરતાં આનંદ વ્યક્ત કરેલ..

બપોરના સૌ સાથે પ્રસાદ લઈ છુટા પડતા ભાદાણી ભાઈઓની આખોમાં આનંદનાં અશ્રુ જોવામાં આવ્યાં...

લી. માનંદમત્રી ડાહ્યાભાઈ ગોરાણીના જય લક્ષ્મીનારાયણ...

શ્રી ક.ક.પા.સમાજ - બારડોલીનું વાર્ષિક સ્નેહ મિલન યોજાયું

મંગળ પ્રભાતથી શરૂ થતા નૂતનવર્ષના સુઅવસરે ક. ક. પા. સનાતન સમાજ - બારડોલી દ્વારા સુરત રોડ પર આવેલા સમાજના પાર્ટી પ્લોટ ખાતે વાર્ષિક સ્નેહ મિલન યોજાયું હતું. ઉપસ્થિત તમામ સમાજ જનોનું મહામંત્રી હરેશભાઈ રામાણી દ્વારા સ્વાગત કરી નવા વર્ષની શુભેચ્છા પાઠવવા મા આવી ત્યારબાદ સમાજની ત્રણેય પાંખના હોદેદારો એ સમાજ વિકાસના ભાવ સાથે સૌને હાર્દિક શુભકામનાઓ પાઠવી. બે વર્ષના લાંબા સમય ગાળા બાદ મળેલા સમાજના આબાલ વૃધ્ધ સૌએ ઉત્સાહ પૂર્વક એક બીજાને મળીને જય લક્ષ્મીનારાયણ સાથે નૂતનવર્ષના અભિનંદન પાઠવ્યા અને બપોરનુ ભોજન સાથે લઈને આનંદમય માહોલ માણી સૌ છુટા પડ્યા.

સંયોજક :

બાબુલાલ ભાવાણી - કડોદરા.

એક આરોગ્ય અભિયાન, રક્તદાન શિબિર, સિન્નર નાસિક

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવામંડળ સિન્નર દ્વારા તા. ૦૩.૧૧.૨૦૨૧ ના કાળીચૌદસ (દીવાળી)ના પાવન પર્વ પર હેલ્થ એન્ડ ડિઝાસ્ટર ટીમ અને અર્પણ રક્તપેઢી ના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ.

આ રકતદાન શિબિર માં ૪૭ યુનીટ બ્લડ ડોનેશન એકત્ર કરવામાં આવેલ.

રક્તદાન શિબિરના આયોજન માટે હેલ્થ એન્ડ ડીઝાટર ટીમના કન્વીનર મનીષભાઈ ચૌહાણ અને ઉદય માકાણી એ વિશેષ મહેનત લીધેલ.

યુવામંડળના પ્રમુખ નિતિન સાંખલા, મહામંત્રી મનોજ વાસાણી, ઉપપ્રમુખ સતીશ સાંખલા, ખજાનચી વસંત છાભૈયા, આય પી પી ભાવેશ પોકાર, સી.સી.એમ મેમ્બર છગનલાલ સાંખલા, એમ.એમ.આરના સલાહકાર કાંતીભાઈ સાંખલા, સિન્નર સમાજ ના ઉપપ્રમુખ મોહનભાઈ વાડિયા, મહામંત્રી દેવજીભાઈ પોકાર ની વિશેષ ઉપસ્થિત સાથે માર્ગદર્શન અને સાથ સહકાર મળેલ તેમજ બીજા ઘણા યુવા મિત્રો એ બ્લડ ડોનેશન કરી આ અનોખા કાર્યક્રમ ને સફળ બનાવેલ.

રકતદાન શિબિર ના આયોજન અને સંપૂર્ણ કાર્યક્રમ એમ.એમ.આરના એક્સીકયુટીવ મેમ્બર મનોજ છાભૈયા, મહેન્દ્રભાઈ વાડિયા તેમજ કિશોરભાઈ પોકાર ની નિગરાની હેઠળ પાર પાડવા માં આવેલ

SDP સંયોજક : રમેશ ડી. વાસાણી, નાશિક.